


# આકસ્મિક ધનપ્રાપ્તિ... ઉધારી વસૂલ કરવા... શેર માર્કેટમાં પૈસા કમાવાઃ ધનદા કવચ



જો કોઈ વ્યક્તિ શેર્સમાં.. કમોડીટી માર્કેટમાં... લોટરી વગેરે દ્વારા પૈસા કમાવા ઈચ્છતા હોય તો ધનદા યક્ષિણી કવચ તેમના માટે લાભદાયી છે.

જો તમારા પૈસા કંઈ ફસાઈ ગયા હોય અથવા તમારા પૈસા સામેવાળો આપવા નથી ઈચ્છતો- આવી સ્થિતિમાં આ કવચ લાભપ્રદ છે.

જો તમે કોઈ બેન્ક અથવા સંસ્થા પાસે કર્જ લેવા ઈચ્છો છો.. પ્રોજેક્ટ ફાઈનાન્સ કરવા ઈચ્છો છો.. આવી સ્થિતિમાં પણ આ કવચ લાભપ્રદ છે. એ જરૂરી નથી કે ધનની જે પણ પ્રાપ્તિ થાય તે સામાજિક નિયમોને અનુકૂળ તથા કાયદાની દૃષ્ટિએ યોગ્ય હોય! પરંતુ શું એવું કોઈ માધ્યમ છે કે જેનાથી જીવનની પૂર્ણતા મળે. બિલકુલ.. એવો જ એક ઉપાય અમે તમારા માટે શોધી કાઢ્યો છે...ધનદા યક્ષિણી કવચના રૂપમાં.

**અત્યારના સમયમાં.. કળિયુગમાં 'રૂપિયા-પૈસા' વગર વ્યક્તિ પાસે ગમે એટલી બુધ્ધિ હોય.. જ્ઞાન હોય... બળ હોય... પણ તેનું કોઈ મહત્ત્વ નથી!!**

**જો તમારા પૈસા ક્યાંક ફસાઈ ગયા હોય અથવા તમારા પોતાના જ પૈસા સામેવાળા આપવા નથી ઈચ્છતા તો એવી સ્થિતિમાં આ કવચ લાભદાયી છે!**

**જડી બુટ્ટી**

**નજુમી**

યક્ષિણીઓની કૃપાથી મનુષ્યને બધાં સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે તુરંત ધનપ્રાપ્તિની વાત હોય... આકસ્મિક ધનપ્રાપ્તિની વાત હોય... ઉધારી વસૂલ કરવાની વાત હોય.. જ્યારે શેર માર્કેટમાંથી પૈસા કમાવાની વાત હોય ત્યારે ધનદા યક્ષિણીની વાત આવે છે.

દાર્શનિક લોકો કહે છે કે, આ સંસારની ગતિ' અને 'માયા વિચિત્ર' જ છે. તે ફક્ત 'લક્ષ્મી' એટલે કે ધનના જોરે જ ચાલે છે. એટલા માટે લક્ષ્મી ઉપાસનાને હંમેશાં વિશેષ મહત્ત્વ આપ્યું છે. આ વિશેષ સ્થિતિમાં શું એવી કોઈ પ્રક્રિયા અર્થાત્ તંત્ર સંભવ છે... જેના દ્વારા વ્યક્તિ લક્ષ્મી પોતાના વશમાં રાખીને સંસારના ગતિચક્રમાં ગોથાં ના ખાય! સંસારની આ ગતિની સાથે તમે જો ગતિમાન થઈને ચાલો તો ચોક્કસ સમજી લો કે તમારામાં બળ પણ છે. બુદ્ધિ પણ છે, જ્ઞાન પણ છે પરંતુ ધન વગર ન તો બુદ્ધિનું મહત્ત્વ છે. ના જ્ઞાનનું મહત્ત્વ છે અને ના બળનું મહત્ત્વ છે.

**જો કોઈ વ્યક્તિ શેરમાં, કોમડીટી માર્કેટમાં, લોટરી વગેરેમાં પૈસા કમાવા ઈચ્છતા હોય તો તેના માટે આ કવચ લાભપ્રદ છે!**

# મનોકામના પૂરી કરવા ક્યો દીવો પ્રગટાવશો?

પુરાણો તથા શાસ્ત્રોમાં બધી મનોકામનાઓ પૂરી કરવા માટે દીવાના જુદા જુદા પ્રકાર તથા ઉદ્દેશ બતાવ્યા છે. જુદા જુદા ઉદ્દેશો પ્રાપ્ત કરવા ભિન્ન ભિન્ન 'તેલ' તથા 'ઘી' થી દીવો પ્રગટાવવામાં આવે છે, જેનું વિભિન્ન સંહિતામાં વર્ણન પણ છે.

- આર્થિક લાભ, વ્યાપારમાં વૃદ્ધિ તથા મનોકામનાઓ પૂરી કરવા સંધ્યા કાળના સમયે ઘીનો દીવો પ્રગટાવવાનું વિધાન છે.
- શત્રુઓથી પોતાના રક્ષણ માટે તથા સૂર્ય સંબંધી કષ્ટોમાંથી મુક્તિ માટે સરસવના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ.
- શનિ દેવની પ્રસન્નતા માટે, ન્યાય મેળવવા માટે તથા આરોગ્ય માટે તલના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ.
- સૌભાગ્યપ્રાપ્તિ માટે દેવોને મહુવાના તેલનો દીવો પ્રગટાવીને અર્પણ કરવો જોઈએ.
- રાહુ તથા કેતુની શાંતિ માટે અળસીના તેલનો દીવો પ્રગટાવીને દેવાધિદેવ ભગવાન શંકરને અર્પણ કરવો જોઈએ.
- પુરાણો તથા શાસ્ત્રોમાં સામાન્ય પૂજાસ્થાને એક-એક બત્તી (દીવેટ) પ્રગટાવવાની જોગવાઈ છે. એમ તો સામાન્ય બે દીવા પાંચ તત્ત્વોનું પ્રતિનિધિત્વ કરે તે મુજબ પાંચ દીવાની આરતીની પણ જોગવાઈ છે. પરંતુ કેટલાક ગ્રંથોમાં વિભિન્ન દેવતાઓ માટે ભિન્ન ભિન્ન પ્રકારના દીવા પ્રગટાવવાનું વર્ણન છે.
- દેવાધિદેવ ભગવાન શંકરને આઠ દીવેટોનો દીવો અર્પણ કરવો જોઈએ.
- વિઘ્નવિનાશક ગણેશજીને ત્રણ અથવા બાર દીવેટ/ વાટનો દીવો અર્પણ કરવો જોઈએ.
- વિષ્ણુને દસ અથવા સોળ વાટનો દીવો અર્પણ કરવો જોઈએ.
- દેવી લક્ષ્મીને સાત વાટનો દીવો પ્રગટાવીને અર્પણ કરવો જોઈએ.
- મા આદ્ય શક્તિને ફક્ત એક જ વાટનો દીવો પ્રગટાવીને અર્પણ કરવાનો ઉલ્લેખ છે.




## તમારા વેપાર ઉદ્યોગવૃદ્ધિ કરવાના સરળ પ્રયોગો

**ક્યા ક્યા તેલથી અને ઘીથી કોને દીવો પ્રગટાવવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે એ પણ પુરાણોમાં તથા શાસ્ત્રોમાં વર્ણન કર્યું છે.**



તમારા વેપાર અથવા ઉદ્યોગવૃદ્ધિ માટે
- ચેક બુક, પાસ બુક, પૈસાના લેણ-દેણ સંબંધી કાગળ, રોકાણ સંબંધી કાગળો વગેરે શ્રીયંત્ર, કુબેર યંત્ર અથવા ગણપતિજી, લક્ષ્મીજીની પાસે રાખવા.
- દરેક મંગળવારે પીપળનાં વૃક્ષનાં 11 પાંદડાં તોડીને દરેક પર લાલ ચંદનથી 'રામ-રામ' ચાર વાર લખવું. પછી હનુમાનજીના મંદિરે શ્રદ્ધાપૂર્વક ચઢાવી દેવું. આ કાર્યને સ્નાન વગેરે કર્યા વગર પણ કોઈને કહ્યા- જણાવ્યા વગર કરતા રહો અને જ્યાં સુધી તમારો વેપાર લાભદાયક રસ્તે ના આવે ત્યાં સુધી આ પ્રમાણે કરતાં રહેવું. વેપારવૃદ્ધિનો આ અચૂક ટુચકો છે. એમાં સર્વપ્રથમ મહાકાળીનું ષોડશોપચાર પૂજન અવશ્ય કરવું.
- સવારે દુકાન, પ્રતિષ્ઠાન, કાર્યાલય, ઓફિસ વગેરે ખોલતાં પહેલાં ગણપતિજી, શ્રીયંત્ર, લક્ષ્મીજી, વિષ્ણુ, પિતૃઓ, કુબેરાપતિ ભગવાન શંકર તથા માતા ભગવતી લક્ષ્મીનું ધ્યાન અવશ્ય કરવું જોઈએ. જો પારદ શિવલિંગ, પારદ લક્ષ્મી, પારદ ગણેશ વગેરે હોય તો નિયમિત પ્રાર્થના કરવી.

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

- મનમાં દરરોજ આ સંકલ્પ 11 વખત બોલવો કે...'મારે ધનવાન બનવું જ છે.'
- દુર્ગા સપ્તશતી (ચંડી પાઠ)નો ચોથા અધ્યાયનું 108 દિવસ સુધી વિધિપૂર્વક પારાયણ કરવાથી વ્યક્તિ આર્થિક તેમ જ વિવિધ ઉપદ્રવોથી મુક્તિ મેળવે છે.
- વેચાણ વધારવાનો મંત્રઃ 'ભવંર વીર તૂ ચેલા મેરા, ખોલ દુકાન કહા કર મેરા! ઊઠે જો ઊંડી બિ કૈ જા માલ ભવંર વીર સોખે નહીં જાય.'

વિધિઃ- રવિવારના દિવસે 21 કાળા અડદ લઈને તેના પર 21 વાર મંત્ર બોલીને દુકાનમાં નાખી દો તો ત્રણ રવિવાર પછી વેચાણ ત્રણ-ચાર ગણું વધી જશે.
- નોકરો સાથે દુર્વ્યવહાર ના કરો. દુઃખમાં તેની સેવા- સહાયતા, મદદ કરો. તેનો તિરસ્કાર- અપમાન ક્યારેય ના કરવું. તેમની આવશ્યક્તાઓનો ખ્યાલ રાખવો અને પોતાની પરિસ્થિતિ અનુસાર તેને પૂરું કરવાની ચેષ્ટા કરો.
- જો શ્રદ્ધા-વિશ્વાસ હોય તો ગળામાં વ્યાપારવૃદ્ધિ કવચ અથવા અષ્ટ લક્ષ્મી કવચ ધારણ કરો. સો ટકા ફાયદો થશે.
- સ્ફટિકનું, પંચધાતુનું, ચાંદીનું, સોનાનું 'શ્રી યંત્ર' શ્રી સૂક્તના મંત્રોથી અભિમંત્રિત ઘર, દુકાન, ઓફિસ, કારખાનામાં રાખવાથી અઢળક રૂપિયો મા લક્ષ્મીજી આપે છે.

# બ્રહ્માંડના ભગવાનની દુનિયાની સૌથી મોટી રથયાત્રા 7મી જુલાઈએ નીકળશે

પુરી જગન્નાથ રથયાત્રાનું વિશેષ મહત્ત્વ છે. આ શુભ અવસરનો ભક્ત આતુરતાથી રાહ જુએ છે. તેને 'રથોને તહેવાર'ના રૂપમાં પણ ઓળખાય છે. આ અવસર અષાઢ મહિનામાં શરૂ થાય છે. આ પર્વ ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાની વાર્ષિક યાત્રાનું પણ પ્રતીક છે. દરેક વર્ષે રથયાત્રા 9 દિવસ સુધી ચાલે છે અને તેને આખી દુનિયામાં સૌથી મોટી રથયાત્રાના રૂપમાં જાણીતી છે. તેમાં જોડાવાથી 'અક્ષય ફળો'ની પ્રાપ્તિ થાય છે. સાથે જ જીવનના બધા અવરોધોનો નાશ થાય છે.

જગન્નાથ રથયાત્રાની શરૂઆત 7 જુલાઈ, 2024થી થશે. આ ઉત્સવ દરેક વર્ષે નવ દિવસ ચાલે છે. રથયાત્રાના એક દિવસ પહેલાં ભગવાન જગન્નાથના ભક્તો દ્વારા 'ગુંડિચા મંદિર'ની સફાઈ કરવામાં આવે છે. ગુંડિચા મંદિરની સફાઈ 'માર્જાના' નામથી ઓળખાય છે. આ પવિત્ર યાત્રા દરમિયાન ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાને ત્રણ અલગ-અલગ રથોમાં લાવવામાં આવે છે. રથોનું નિર્માણ દર વર્ષે નવી સામગ્રીઓથી કરવામાં આવે છે. રથો માટે છત્રીઓ લગભગ 1200 મીટર કપડાંમાથી બનાવવામાં આવે છે. રથ.. એક સોયનો પણ ઉપયોગ કર્યા વગર લાકડામાંથી બનાવવામાં આવે છે. લાકડાનો સંગ્રહ વસંત પંચમીના શુભ દિવસથી શરૂ થાય છે. ભગવાનનો 108 ઘડાના પાણીથી અભિષેક કરવામાં આવે છે, જેને 'સહસ્ત્રધારા સ્નાન' કહેવાય છે. અષાઢ સુદ દસમના આઠમા દિવસે રથ પાછો ફરે છે. આ પ્રક્રિયાને 'બહુદા યાત્રા' કહેવાય છે. જગન્નાથ મંદિરમાં રોજ 56 વ્યંજન બનાવવામાં આવે છે. આ દરમિયાન 'મહાપ્રસાદ' તૈયાર કરવામાં આવે છે, જેને સાત માટીનાં વાસણો અથવા પછી લાકડાંના વાસણોમાં બનાવવામાં આવે છે. જગન્નાથ રથયાત્રાના મોટા ભાગે એક રથ માટે લાકડાં એકઠાં કરવાનાં હોય છે. તેના માટે દરેક વર્ષે 12 વૃક્ષોનાં 800થી વધારે ટુકડા લાગે છે. જાણકારી માટે જણાવીએ કે, લાકડા નવા ગઢ જિલ્લાના દસપલ્લા અને મહિપુરનાં જંગલોમાંથી લાવવામાં આવે છે. એમ કહેવાય છે કે, આ જંગલોમાંથી દરેક જણ લાકડાં કાપી શકતાં નથી, કારણ કે આ નવાગઢ વન-ખંડની દેવી વડ રાઉલનું પૂજન સ્થળ છે. આ માટે જંગલની દેવીની અનુમતિ લેવામાં આવે છે અને તેમને ભગવાન જગન્નાથનો એક પોશાક અને ફૂલ ભેટ આપવામાં આવે છે પછી બે કલાક ભજન-કીર્તન કર્યા બાદ માથું ટેકીને માફી માગીને લાકડું કાપવામાં આવે છે.



**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

ભગવાન જગન્નાથની રથયાત્રા વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રથયાત્રામાં ભાગ લેવા માટે દૂર દૂરથી લોકો અહીં આવી પહોંચે છે. આ ભવ્ય યાત્રામાં લાખો લોકોની ભીડ ઉમટે છે. આ યાત્રા મુખ્ય રીતે અષાઢ માસના સુદ પક્ષની બીજ તિથિએ કાઢવામાં આવે છે. આવામાં જાણીએ કે આ વર્ષે જગન્નાથ રથયાત્રા ક્યારે નીકળશે?

હિંદુ પંચાંગ અનુસાર અષાઢ માસના સુદ પક્ષની બીજ તિથિનો પ્રારંભ 07 જુલાઈ 2024ના રોજ સવારે 04 વાગ્યાને 26 મિનિટ પર થશે. જ્યારે આ તિથિનું સમાપન 08 જુલાઈ 2024એ સવારે 04 વાગ્યાને 59 મિનિટ પર થશે. આવામાં ઉદયા તિથિ અનુસાર 2024માં જગન્નાથ રથયાત્રાની શરૂઆત 07 જુલાઈથી થશે.

જગન્નાથનો અર્થ છેઃ 'બ્રહ્માંડના ભગવાન', ભગવાન જગન્નાથને ભગવાન વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે. દરેક વર્ષે ઓરિસ્સા (ઓડિશા)ના પુરી શહેરમાં રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ તહેવારના દિવસે મુખ્ય ત્રણ દેવતાઓની પૂજા કરવામાં આવે છેઃ જેમાં ભગવાન જગન્નાથ, તેમના મોટા ભાઈ બલભદ્ર અને તેમની બહેન સુભદ્રા સામેલ છે.

**આ રથયાત્રામાં જોડાવાથી અક્ષય ફળોની પ્રાપ્તિ થાય છે... સાથે જ જીવનના બધા અવરોધોનો નાશ થાય છે**

**રથો માટે છત્રીઓ લગભગ 1200 મીટર કપડાંમાંથી બનાવવામાં આવે છે!**

## રથયાત્રા કેમ કાઢવામાં આવે છે?

જેઠ મહિનાની પૂનમ તિથિએ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને મોટા ભાઈ બલભદ્રને ગર્ભગૃહમાંથી બહાર લાવીને સ્નાન કરાવવામાં આવે છે. માનવામાં આવે છે કે, ત્યાર બાદ ભગવાન જગન્નાથ બીમાર પડી જાય છે અને તેમને તાવ આવી જાય છે, જેના કારણે તે 15 દિવસ સુધી શયનકક્ષમાં આરામ-વિશ્રામ કરે છે. આ દરમિયાન ભક્તોને દર્શનની અનુમતિ હોય છે. ત્યાર બાદ અષાઢ મહિનાના સુદ પક્ષની બીજ તિથિના દિવસે તે સ્વસ્થ થઈને પોતાના વિશ્રામ રૂમમાંથી બહાર આવે છે. આ ખુશીમાં ભવ્ય રથયાત્રા કાઢવામાં આવે છે.

પુરી રથયાત્રા માટે બલરામ, શ્રીકૃષ્ણ અને દેવી સુભદ્રા માટે અલગ અલગ રથોનું નિર્માણ કરવામાં આવે છે. સૌથી આગળ બલરામજીનો રથ ચાલે છે. વચ્ચે બહેન સુભદ્રાનો અને સૌથી પાછળ ભગવાન જગન્નાથજીનો રથ ચાલે છે. વિશાળકાય રથ પર બિરાજમાન થઈને ભગવાન માસીના ઘરે ગુંડિચા મંદિર જાય છે. જ્યાં કેટલાક દિવસ માટે વિશ્રામ કરે છે. ત્યાર બાદ તે ફરીથી પોતાના ઘરે પાછા ફરે છે.

પુરીમાં જે રથ પર ભગવાનની સવારી ચાલે છે, તે વિશાળ અને અદ્વિતીય છે. તે 45 ફૂટ ઊંચો, 35 ફૂટ લાંબો તથા એટલી જ પહોળાઈનો હોય છે. આમાં 7 ફૂટ વ્યાસનાં 16 પૈંડાં હોય છે. આ પ્રકારે બલભદ્રજીનો રથ 44 ફૂટ ઊંચો, 12 પૈંડાંવાળો તથા સુભદ્રાજીનો રથ 43 ફૂટ ઊંચો હોય છે. તેમના રથમાં પણ 12 પૈંડાં હોય છે. દર વર્ષે નવા રથોનું નિર્માણ થાય છે.

ભગવાન મંદિરના સિંહદ્વાર પર બેસીને જનકપુરી તરફ રથયાત્રા ફરે છે. જનકપુરીમાં ત્રણ દિવસનો વિશ્રામ હોય છે. જ્યાં તેમની મુલાકાત શ્રી લક્ષ્મીજી જોડે થાય છે. ત્યાર બાદ ભગવાન ફરીથી જગન્નાથ પુરી પાછા ફરીને આસનારૂઢ થઈ જાય છે.

ભગવાનના રથમાં ઘોડા વગેરે નથી જોડાતા, પરંતુ ભક્તગણ તેમ જ શ્રદ્ધાળુ આ રથને ખેંચે છે અને તેમની સંખ્યા લગભગ 4500ની આસપાસ હોય છે!

# મારે છ વાર ગર્ભ પડી ગયો છે. હવે મને સંતાન ક્યારે પ્રાપ્ત થશે?

### બેફિકર તથા લાપરવા પતિ

**સમસ્યાઃ પૂજ્ય ગુરુજી, મારા પતિ દરેક કામમાં પોતાની મન-મરજીથી કરે છે. એટલે સુધી કે કોઈ કામમાં મને પણ પૂછતા નથી અને અભિપ્રાય પણ લેતા નથી. લગ્નજીવન ઘણી મુશ્કેલીથી પસાર થઈ રહ્યું છે. રોજ-રોજ ઝઘડા થાય છે. મારો પતિ મારું કહ્યું ક્યારે માનશે તેનો કોઈ ઉપાય જણાવશો.**

**સમાધાન-** તમારા પતિની જન્મ રાશિ સિંહ છે. જન્મ લગ્ન મકર છે તેથી થોડાક જિદ્દી સ્વભાવના તેમજ સામી વ્યક્તિને શરમ-સંકોચ વગર જે કહેવાનું હોય તે કહી દે છે. પછી તે પિતા હોય, માતા હોય, ભાઈ, બહેન કે કોઈ પણ લોહીનાં સગાં હોય તે સામે સ્પષ્ટ કહી દે છે. લગ્નેશ- દ્વિતીયેશ શનિ ત્રીજા સ્થાનમાં અસ્ત થઈ ગયો છે. સાથે જ ભાગ્યેશ બુધ અષ્ટમેશ સૂર્ય અને પંચમેશ શુક્ર છે. આ કારણે તમારી સાથે આ સમસ્યા આવી રહી છે. પ્રથમ તો તમે તેને ગળામાં એક નીલમ+ પન્નાનું સંયુક્ત લોકેટ પહેરાવો. સપ્તમેશ આઠમે ખાડામાં છે. પરંતુ શનિની પાંચમી દૃષ્ટિ અને શુક્ર-શનિ હોવું બરાબર નથી. એટલે તેમને શનિ માટે દરેક શનિવારે શનિદર્શન કરાવવાં. સૂર્ય માટે તાંબાના લોટામાં ઘઉં ભરીને વિષ્ણુ મંદિરમાં આપવા. દરરોજ જ્યારે તમારા પતિ ઘરમાંથી બહાર જાય ત્યારે તમે તમારી માંગમાંથી (સેંથીમાંથી) સિંદૂરથી રોજ તેમને તિલક કરવું. તેનાથી તેઓ તમારું કહ્યું માનશે.

### પ્રમોશન અવરોધ અને આરોગ્યની ખરાબીથી પીડાતો જાતક

**સમસ્યા- મહારાજ... છેલ્લાં 10 વર્ષથી સર્વિસમાં પ્રમોશન થયું નથી. બીજી જગ્યાએ સારી નોકરીના ચાન્સ મળે છે તે પણ પાછા બગડી જાય છે. આરોગ્યમાં પણ ખરાબી રહે છે. મેં પોખરાજ અને માણેક પણ પહેરી રાખ્યો છે. કૃપા કરીને યોગ્ય સમાધાન બતાવશો.**

**સમાધાન-** આપશ્રીની કુંડળી જોતાં તમારું જન્મ લગ્ન ધન છે જેનો સ્વામી ગુરુ આઠમે ઉચ્ચનો છે. પરંતુ લગ્નેશ હોવાથી દોષવાળો તેમ જ લગ્ન સંપૂર્ણ રીતે પાપગ્રહોથી પીડિત છે, જે આરોગ્યની સમસ્યા, આત્મવિશ્વાસમાં ઊણપ, જ્ઞાનનો સાચો ઉપયોગ ના કરી શકવો જેવી ઘટનાઓને જન્મ આપે છે. નવમા સ્થાનમાં સપ્તમેશ- દશમેશ બુધ, ભાગ્યેશ સૂર્ય સ્વગૃહી અષ્ટમેશ ચંદ્ર અને પંચમેશ મંગળ શ્રેષ્ઠ યોગ તો બનાવી રહ્યો છે પરંતુ સૂર્યની સ્થિતિ બુધ- જે સાતમા-દશમાનો સ્વામી છે તેને અસ્ત કરી રહ્યો છે. પહેલાં તમે 'શુક્રની દશા'માં હતા જ્યારે અત્યારે 'ગુરુની મહાદશા'માં 'શનિની અંતર્દશા'માં છો. ધનેશ શનિ ઉચ્ચનો લાભ ભવનમાં બેઠો છે. કેન્દ્રમાં કોઈ શુભ ગ્રહ નથી અને કાલસર્પ યોગ પણ છે. જીવનમાં ચંબેક્શ્વરમાં તેની શાંતિ કરાવવી અથવા ઘરે કે મહાદેવના મંદિરમાં સર્પદોષની જાણકાર પાસે પૂજા કરાવવી. માણેકને ઉતારી દો અને પોખરાજ મોતી જડિત વીસા લોકેટ ગળામાં પહેરવું.

### નોકરી લાગવામાં આટલી તકલીફ કેમ આવે છે?

**સમસ્યાઃ નોકરીમાં વિલંબ થઈ રહ્યે છે. હજુ સુધી કોઈ પ્રકારની સર્વિસ નથી મળી. સરકારી નોકરીના ચાન્સ છે કે નહીં.**

**સમાધાન- તમારો જન્મ લગ્ન વૃશ્ચિક. લગ્નેશ મંગળ બારમે છે. દશમેશ સૂર્ય અષ્ટમેશ બુધ અને બારમે શુક્ર સાથે છે. આ માટે નોકરીમાં વિલંબ તો થવાનો જ છે.**

**સમાધાન-** પંચમેશ ગુરુ ચોથા સ્વપ્નમાં જ્યારે આઠમે શનિ પોતાની ત્રીજી દૃષ્ટિ કર્મ ભાવમાં જે સૂર્ય ક્ષેત્ર છે તેના પર દૃષ્ટિ પડે છે. તમારે પ્રથમ તો ગળામાં મંગળ-મોતીનું સંયુક્ત લોકેટ અભિમંત્રિત કરાવીને શુભ મુહૂર્તમાં ધારણ કરવું જોઈએ. પન્ના જલદીથી ઉતારી દો. તમે દરેક શનિવારે પીપળાના વૃક્ષ નીચે સરસવના તેલનો દીવો કરજો. સૂર્યની આરાધના જ સરકારી નોકરી માટે ઉપયોગી છે. રોજ સવારે સૂર્યોદય પહેલાં ઊઠીને સૂર્યોદય સમયે સૂર્યદેવનાં દર્શન કરવા. સૂર્યમંત્રક ગાયત્રીમંત્રનો જપ કરવો. સફેદ વસ્તુઓનું દાન કદાપિ ના કરવું. પૂનમે ચંદ્રોદયનાં દર્શન કરી ખીરનું નૈવેદ્ય ધરાવવું. હનુમાન ચાલીસાના પાઠ રોજ ફરજિયાત કરવા જોઈએ.



### વારંવાર ગર્ભ પડી જાય છે!

**સમસ્યાઃ ગુરુજી, મારે છ વાર ગર્ભ પડી ગયો છે. મારે આ સ્થિતિમાંથી પસાર થવું પડ્યું છે. મારે સંતાન ક્યારે પ્રાપ્ત થશે?**

**સમાધાન-** બહેનજી આપની કુંડલી જોઈ. આપનું જન્મલગ્ન ધન છે. લગ્નેશ તેમ જ સંતાનકારક ગુરુ નીચ રાશિમાં છે. કુંડળીમાં ગર્ભ અથવા પાંચમો ભાવ તથા તેમના સ્વામી પર ગુરુનો કેન્દ્રીય પ્રભાવ છે અને પાંચમા ભાવ પર બુધની પણ પૂર્ણ દૃષ્ટિ છે. આ પ્રભાવ તથા પાંચમા ભાવમાં સ્વગૃહી મંગળ હોવાથી ગર્ભ બનવાની સંપૂર્ણ સંભાવના છે. પરંતુ કેતુની પૂર્ણ દૃષ્ટિ પંચમેશ અને પાંચમા ભાવ પર છે. 'કેતુ' પૃથકતાવાદી ગ્રહ છે. મંગળ પોતે સ્વગૃહી છે પણ એ જ રીતે બારમા ભાવનો સ્વામી પણ છે તથા પોતાની રાશિથી ષડાષ્ટક કરી રહ્યો છે. પાંચમા ભાવનો કારક ગ્રહ ગુરુ પોતાની નીચ રાશિમાં છે. તેમ જ ગુરુ જ્યાં રહ્યો છે તે બીજાનો રાશિ સ્વામી શનિ બારમે સૂર્યની સાથે છે. બારમો ભાવ પોતે 'નાશ' તેમ જ 'વ્યય' નો છે. એટલે બારમા ભાવનો સ્વામી ભલા પાંચમા ભાવને લાભ કેવી રીતે પહોંચાડી શકે છે? બારમા ભાવમાં રહેલા સૂર્ય, શુક્ર, શનિ- ત્રણેય પર વ્યયેશ મંગળની વિશેષ દૃષ્ટિ પડે છે. સૂર્ય, શુક્ર, શનિમાં સૂર્ય-શનિ પરસ્પર મહાશત્રુ છે. શુક્ર ધન લગ્નનો પ્રબળ શત્રુ છે. શુક્ર છઠ્ઠા ભાવનો સ્વામી છે તથા ષષ્ઠથી ષષ્ઠ (છથી છ) અગિયારમા ભાવનો પણ સ્વામી છે. આ પ્રકારે પાંચમો ભાવ કેતુ, સૂર્ય, શનિ, શુક્ર, મંગળના પ્રભાવના કારણે ગર્ભ વારંવાર નષ્ટ થાય છે.

તમે પતિ-પત્ની બંનેને જ્યારે સમય મળે ત્યારે અલગ-અલગ સમય પર પણ બંને સંપૂર્ણ સંતાન ગોપાલ યંત્રનો પ્રયોગ કરી મંત્રજાપ કરવા. તમે પતિ-પત્ની બંને વંશવૃદ્ધિ કવચ તેમ જ સંતાન ગોપાલ યંત્રનું સંયુક્ત પેન્ડલ ધારણ કરવું. દરેક ગુરુવારે પીળાં ફળોનું દાન કરવું. દરરોજ વિષ્ણુની મૂર્તિ પર અભિષેક કરવો.



**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

